# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-10-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : THURSDAY** **REGIONAL NEWS**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

*****************************************************

1) ગાધીનગરમાં માર્ગ અને મકાન વિભાગની બે દિવસની ચિંતન શિબિરનો પ્રારંભ - અધિકારીઓને ગુણવત્તાયુક્ત કામ કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું આહ્વાન.

2) ફર્નિચર ઉત્પાદનમાં અગ્રેસર બનવાની ભારત પાસે સંભાવના - નવી દિલ્હીમાં વિકસિત ભારત ફર્નિચર સંમેલનમાં વનમંત્રી અર્જુન મોઢવાડિયાનું નિવેદન.

3) પોરબંદરના મોચા ગામમાં 100 કરોડ રૂપિયાના ખર્ચે મરિન બાયોટેક્નોલોજી કૉરિડોર બનાવાશે.

4) દિગ્ગજ ફિલ્મ અભિનેતા નાના પાટેકરનું 75 વર્ષની વયે અવસાન - રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોએ શ્રદ્ધાંજલિ આપી.

5) ભાવનગરના ખેલાડી વિવેક મકવાણાએ વિવિધ કક્ષાની મુક્કેબાજી સ્પર્ધામાં નવ ચંદ્રક જીત્યા.

----------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# EVE CM PATEL CHINTAN SHIBIR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓને ગુણવત્તા અને જવાબદારી સાથે કામ કરવા આહ્વાન કર્યું. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે રાજ્યના માર્ગ-મકાન વિભાગની ચિંતન શિબિરનો શુભારંભ કરાવતા શ્રી પટેલે આ વિભાગને સરકારનો અત્યંત મહત્વનો ગણાવ્યો. તેમણે વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્ધાર સાથે ગતિ , ગુણવત્તા અને ગૌરવ અપાવે તેવા ટકાઉ વિકાસની દિશામાં સૌના સહિયારા પુરષાર્થથી આગળ વધવા પણ આહ્વાન કર્યું.

**(BYTE: BHUPENDRA PATE, CHIEF MINISTER)**

*ફાઇનાન્સિયલ મેનેજમેન્ટ ગુજરાતમાં મજબૂત પાયો મૂક્યો છે , એના ઉપર આપણે આગળ વધી રહ્યા છે . પૈસાની તમને જે પ્રમાણે કીધું એમ 12000 માંથી 30000 ઉપર આયા છીએ, અને 30000 થી વધારે જોઈતા હોય તોય પૈસા આપીશું . પણ એના માટે ક્વોલિટી ઉપર ફોકસ કરવું પડે કોઈને બાંધછોડ ના હોય. ટેવ પાડી જ દેવી પડે.*

આ પ્રસંગે મુખ્યમંત્રીએ બિલ્ડીંગ હેલ્થ મૉનિટરિંગ અને બ્રિજ એસેટ મેનેજમેન્ટ સહિતની પુસ્તિકાઓનું વિમોચન કર્યું. તેમજ શાસન કામગીરી સૂચકાંક – GPIના માપદંડ મુજબ શ્રેષ્ઠ કામગીરી કરનારા ઇજનેરો અને અધિકારીઓને પુરસ્કારથી સન્માનિત કર્યા.

# AMD BHADAJ VRUKSHAROPAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના ભાડજ વિસ્તારમાં સેવા , સંકલ્પ અને સમર્પણ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કર્યું. મહાનગરપાલિકા દ્વારા મિશન ફાઈવ મિલિયન ટ્રીઝ અંતર્ગત 50 લાખ વૃક્ષ વાવવાનો લક્ષ્યાંક હાંસલ કરાયો છે. અંદાજે 85 હજાર ચોરસ મીટરના ભાડજ પ્લાન્ટેશન પ્લોટમાં 66 હજાર 600 ચોરસ મીટર વિસ્તારમાં 38થી વધુ પ્રકારના એક લાખથી વધુ વૃક્ષ વાવવામાં આવ્યા છે.

કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ અને મેયર હિતેશ બારોટ પણ વૃક્ષારોપણમાં સહભાગી થયા.

# FURNITURE CONCLAVE

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું , ભારત પાસે પોતાની ઉત્પાદન ક્ષમતાઓ, કુશળ કાર્યબળ અને અદ્યતન માળખાકીય સુવિધાથી વિશ્વમાં ફર્નિચર ઉત્પાદનમાં અગ્રેસર બનવાની સંભાવના છે. નવી દિલ્હીમાં વિકસિત ભારત ફર્નિચર સંમેલનને સંબોધતા તેમણે કહ્યું , ફર્નિચર એક ભૌતિક ઉત્પાદનથી ઘણું વધારે છે. તે સંપૂર્ણ સંકલિત મૂલ્ય શ્રૃંખલાનું પ્રતિનિધિત્વ કરે છે.

શ્રી મોઢવાડિયાએ વધુમાં કહ્યું, ખેતી અને ટકાઉ વન સંસાધનોથી લઈ ઉત્પાદન, ઇજનેરી, ડિઝાઈન, ટેક્નોલોજી, લોજિસ્ટિક્સ, સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યમ – MSME, કૌશલ્ય વિકાસ , છૂટક અને વૈશ્વિક નિકાસ સુધી આ ક્ષેત્ર અનેક આર્થિક એન્જિનને અદભૂત રીતે જોડે છે.

# JMR ARJUN MODHWADIYA MEETING

જામનગરમાં વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાની અધ્યક્ષતામાં વિવિધ વિભાગની સમીક્ષા બેઠક યોજાઈ. કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી બેઠકમાં તેમણે પીવાના પાણી, સિંચાઈ, ઘાસ વિતરણ સહિતના મુદ્દાઓ અંગે કાર્યવાહી કરવા અધિકારીઓને સૂચના આપી. બેઠકમાં ધારાસભ્ય રાઘવજી પટેલે જિલ્લાના વિવિધ વિસ્તારોને લગતી સમસ્યાઓ રજૂ કરી.

# BLUE ECONOMY

પોરબંદરના મોચા ગામમાં 100 કરોડ રૂપિયાના ખર્ચે મરિન બાયોટેક્નોલોજી કોરિડોર બનાવાશે. રાજ્યની બ્લૂ બાયોઇકોનોમી એટલે કે , દરિયાઈ અર્થવ્યવસ્થાને વેગ આપવા આ માટે આવતીકાલે ભાવનગરમાં સમજૂતી કરાર થશે. રાજ્યના સમૃદ્ધ દરિયાઈ જૈવિક સંસાધનોને ઉચ્ચ મૂલ્યવાળા ઉત્પાદનો , નવા ઉદ્યોગો અને દરિયાકાંઠાના સમુદાયો માટે ટકાઉ આજીવિકાનું સર્જન કરવાના હેતુસર આ કોરિડોરનું નિર્માણ કરાશે.

વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળનાં ગુજરાત રાજ્ય જીવવિજ્ઞાન મિશન – GSBTMની આ પહેલ દ્વારા દરિયાઈ વિજ્ઞાન , જીવવિજ્ઞાન સંશોધન, ક્ષેત્રીય ખેતી, ટેક્નોલોજી વિકાસ, સાહસિકતા અને વેપારીકરણને જોડતી એક સંકલિત વ્યવસ્થા વિકસાવાશે.

# GPRB – ANSWER KEY

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પોલીસ ટૅક્નિકલ કૅડર વાયરલેસ PSI અને ટૅક્નિકલ ઑપરેટરની લેખિત પરીક્ષાના પ્રશ્નપત્રની ફાઈનલ આન્સર કી જાહેર કરવામાં આવી. ઉમેદવારો બોર્ડની વેબસાઇટ GPRB.GUJARAT.GOV.IN પર ફાઈનલ આન્સર કી જોઈ શકશે. ગત 23 ઑગસ્ટે 870 જગ્યાઓ માટે બાર હજાર જેટલા ઉમેદવારોએ આ પરીક્ષા આપી હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# IMP ANNOUNCEMENT

હવે પ્રાદેશિક સમાચાર વિભાગ તરફથી એક અગત્યની જાહેરાત સાંભળીએ..

(VOICE CAST: IMP ANNOUNCEMENT)

# ACTOR NANA PATEKAR DEMISE

દિગ્ગજ ફિલ્મ અભિનેતા નાના પાટેકરનું આજે 75 વર્ષની વયે અવસાન થયું. ગોવામાં તેમના ઘરે હૃદયરોગનો હુમલો આવતા તેમને હૉસ્પિટલ દાખલ કરાયા , જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યાં હતા. વિશ્વનાથ પાટેકર કે, જેમને સમગ્ર વિશ્વ નાના પાટેકરના નામથી ઓળખે છે. તેમનો જન્મ પહેલી જાન્યુઆરી 1951ના રોજ મહારાષ્ટ્રમાં થયો હતો. ત્રણ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારથી સન્માનિત નાના પાટેકરે અનેક યાદગાર ફિલ્મોમાં પોતાના અભિનયથી દર્શકો વચ્ચે અલગ ઓળખ બનાવી હતી. રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોએ સ્વર્ગીય નાના પાટેકરને શ્રદ્ધાંજલિ આપી.

## (VOICECASE: RITA DEVE)

*સ્વર્ગીય નાના પાટેકર હિન્દી અને મરાઠી સિનેમાના પ્રખ્યાત અભિનેતા હતા . વર્ષ 1978માં ફિલ્મ ગમન સાથે તેમણે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. ત્યારબાદ પરિંદા, પ્રહાર, અંગાર, ક્રાંતિવીર, તિરંગા, ખામોશી અને અબ તક છપ્પન જેવી ફિલ્મોમાં તેમના પ્રભાવશાળી અભિનયે દર્શકો ઉપર અલગ છાપ છોડી હતી . હાલના વર્ષોમાં પણ તેઓ ફિલ્મોમાં સક્રિય હતા . તાજેતરમાં તેઓ હાઉસફુલ 5માં જોવા મળ્યા હતા . તેમજ વિશાલ ભારદ્વાજની ઓ રોમિયોમાં પણ પોલીસ અધિકારીની ભૂમિકા ભજવી હતી અને અનિલ કપૂરની ફિલ્મ સુબેદારમાં પણ તેમણે નાનકડો રોલ કર્યો હતો. તેમના અવસાનથી ફિલ્મ ઉદ્યોગ અને તેમના ચાહકોમાં ઊંડો શોક જોવા મળી રહ્યો છે. રીટા દવે પ્રાદેશિક સમાચાર વિભાગ અમદાવાદ.*

# KACHCHH EARTHQUAKE

કચ્છમાં આજે ભૂકંપના આંચકાઓ અનુભવાયા. બપોરે ત્રણ વાગ્યેને છ મિનિટે આવેલા આ ભૂકંપનું કેન્દ્રબિન્દુ દૂધઈથી 28 કિલોમીટર દૂર નોંધાયું. જ્યારે રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા 2.9 માપવામાં આવી હોવાનું ભૂકંપશાસ્ત્રીય સંશોધન સંસ્થાની યાદીમાં જણાવાયું.

# BVR BOXING PLAYER MEDAL

ભાવનગરના ખેલાડી વિવેક મકવાણાએ અત્યાર સુધી વિવિધ કક્ષાની મુક્કેબાજી સ્પર્ધામાં કુલ નવ ચંદ્રક જીત્યા. નાનપણથી રમતગમતમાં રસ ધરાવતા નેપ ગામના વિવેક મકવાણાએ સ્થાનિક સ્પર્ધાઓથી શરૂઆત કરી. ત્યારબાદ જિલ્લા , રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં પોતાની પ્રતિભા સાબિત કરી. તેમણે આંતર-રાષ્ટ્રીય મુક્કેબાજી સ્પર્ધામાં એક સુવર્ણ અને એક રજત ચંદ્રક જીત્યો છે.

ઉપરાંત રાષ્ટ્રીય કક્ષાએ એક -એક સુવર્ણ, રજત અને કાંસ્ય તથા રાજ્યકક્ષાની સ્પર્ધાઓમાં પાંચ ચંદ્રક મેળવી કુલ નવ ચંદ્રક પોતાના નામે કર્યા છે. ખેલાડી વિવેક મકવાણા દરરોજ ચારથી છ કલાક મુક્કેબાજીનો અભ્યાસ કરે છે. પિતાની મહેનત અને પરિવારના સહકારને પ્રેરણા બનાવી તે મનું સપનું ભવિષ્યમાં વધુ આંતરરાષ્ટ્રીય ચંદ્રક જીતવાનું છે.

# KHEL MAHAKUMBH

રાજ્યભરમાં ખેલ મહાકુંભ અંતર્ગત આગામી 21 જાન્યુઆરી 2027 સુધી વિવિધ સ્પર્ધાઓ યોજાશે. 39 જેટલી રમતોમાં વિક્રમજનક 76 લાખથી વધુ ખેલાડીઓએ આ વખતે નોંધણી કરાવી. વિવિધ રમતોમાં નવ વર્ષથી નીચેના બાળકોથી લઈને 60 વર્ષથી વધુ વયના લોકો ભાગ લેશે. ખેલ મહાકુંભમાં દિવ્યાંગ ખેલાડીઓ માટે પણ 21 શ્રેણીમાં 25 જેટલી રમતનું આયોજન કરાયું.

ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં આવતીકાલે વડોદરા ખાતે ‘ખેલ મહાકુંભ 2026’નો શુભારંભ સમારોહ યોજાશે.